# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરત

એ-૩, જિલ્લા સેવાસદન-૨, અઠવાલાઈન્સ, સુરત

**Phone No: (0261)2662903, Fax No: 2662902, Email-*suratdeo@gmail.com***

જા.નં./ મા-૫/૭૬૭૩

તા. 05/08/2025

પ્રતિ,

આચાર્યશ્રી,

માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ તમામ,

સુરત, જિ. સુરત.

વિષય : "હર ઘર તિરંગા -2025" કાર્યક્રમની ઉજવણી બાબત.

સંદર્ભ : માન. ગૃહ મંત્રીશ્રીના અધ્યક્ષ સ્થાને તારીખ : 4/08/2025 ના રોજ વી.સી.માં મળેલ સૂચના અન્વયે.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે 15 મી ઓગષ્ટ સ્વાતંત્ર્ય દિન 2025ની ઉજવણીના ભાગરૂપે 'હર ઘર તિરંગા' ઝુંબેશ આઝાદીકા અમૃત મહોત્સવના નેજા હેઠળ શરૂ કરવામાં આવી હતી.જેથી લોકોને ભારતની સ્વતંત્રતા નિમિત્તે તિરંગા ઘરે લાવવા અને તેને ફરકાવવા માટે પ્રોત્સાહિત કરી શકાય. આ અભિયાનનો ઉદ્દેશ નાગરિકોને તેમના ઘરે રાષ્ટ્રધ્વજ ફરકાવવા અને તિરંગા સાથે વ્યક્તિગત અને ભાવનાત્મક જોડાણ બનાવવા માટે પ્રોત્સાહિત કરવાનો છે.ગુજરાત રાજ્યમાં મુખ્યત્વે ચાર સ્થળોએ તિરંગા યાત્રા યોજાવાની છે.જે અંતર્ગત સુરતમાં 11 ઓગસ્ટના રોજ તિરંગા યાત્રા યોજાનાર છે.

આ કાર્યક્રમ અંતર્ગત **"હર ઘર તિરંગા,હર ઘર સ્વચ્છતા : સ્વતંત્રતા કા ઉત્સવ, સ્વચ્છતા કે સંગ"** અન્વયે આ વર્ષે, હર ઘર તિરંગા અભિયાન 2 ઓગસ્ટ 2025 થી નીચેના ત્રણ તબક્કામાં યોજાશે.

| ક્રમ | તબક્કો | તારીખ | વિગત |
|---|---|---|---|
| 1 | તબક્કો - 1 | તારીખ : 02/08/2025 થી તારીખ : 08/08/2025 | વોલ પેન્ટિંગ સ્પર્ધા, તિરંગા રંગોળી સ્પર્ધા, ક્વીઝ સ્પર્ધા, |
| 2 | તબક્કો - 2 | તારીખ : 09/08/2025 થી તારીખ : 12/08/2025 | સમૂહ સફાઈ, તિરંગા યાત્રા અને રેલી, |
| 3 | તબક્કો - 3 | તારીખ :13/08/2025 થી તારીખ : 15/08/2025 | ધ્વજવંદન સમારોહનું આયોજન, વિદ્યાર્થીઓને તિરંગા સાથે સેલ્ફી ક્લિક કરવા અને તેને વેબસાઇટ પર અપલોડ કરવા પ્રોત્સાહિત કરવા |

શાળાઓના વિદ્યાર્થીઓને તેમના ઘરે ભારતીય રાષ્ટ્રધ્વજ ફરકાવવા અને www.harghartiranga.com વેબસાઇટ પર તિરંગા સાથેના તેમના સેલ્ફી અપલોડ કરવા માટે શાળાએ પ્રોત્સાહિત કરવા.દેશભરમાં સ્વતંત્રતા દિવસની ઉજવણી 2025 ને વધુ સહભાગી અને વ્યાપકપણે ઉજવવામાં આવે તે માટે સેલ્ફી વિથ તિરંગા, પ્રભાત-ફેરી, તિરંગા રેલીઓ, જેવી અન્ય પ્રવૃત્તિઓનું આયોજન કરવું.તેના ફોટોગ્રાફ સહિતનો અહેવાલ શાળા કક્ષાએ નિભાવવાનો રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી

સુરત, જિ.સુરત

Scanned with OKEN Scanner